મઝહબી ત્રાસવાદ સામે અંકુશ કયારે?

તંત્રીસ્થાનેથી...

ભાજપના સૌથી જૂના સાથી અને સમાન વિચારધારા ધરાવતી શિવસેનાએ પ્રવર્તમાન સંજોગોમાં ભારતીય ઉપખંડમાં વધી ગયેલા ઈસ્લામિક આતંકવાદ સામે નારાજગી દર્શાવી કેન્દ્ર સરકારની ફિરકી લેતાં નિવદેન કર્યું છે કે દાઉદ ઈબ્રાહિમ જેવા દેશ બહાર રહેતા આતંકવાદીને દેશમાં ઢસડી લાવવાની ગુલબાંગો પોકારવાનું છોડી સરકારે ઝાકિર નાઈક જેવા દેશમાં રહીને આતંકવાદને પ્રોત્સાહિત કરતાં તત્ત્વોને જેલ ભેગાં કરવાં જોઈએ, શિવસેનાના નિવેદનમાં તથ્ય પણ છે. શિવસેનાની કટ્ટર હિંદુત્ત્વવાદી વિચારધારા સાથે સહમત નહીં થનારા લોકોને પણ એની કેટલીક પેટછૂટી રજૂઆતોનું સમર્થન કરવાનું મન થાય. સવિશેષ ત્યારે કે જયારે સરહદ પારથી દેશમાં ઈસ્લામિક આતંકવાદ ફેલાવવા પદ્ધતિસરનો કાર્યક્રમ ચાલી રહ્યો હોય; કાશ્મીરના આતંકીને જયારે પાકિસ્તાન 'શહીદ'નો દરજ્જો આપી બગડેલા વાતાવરણમાં આગમાં ઘી હોમવાના પ્રયાસો કરી રહ્યું હોય. છેક યુપીએ સરકારના ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેથી લઈને વર્તમાન સરકારના ગૃહમંત્રી રાજનાથ સુધીના નેતાઓ દાઉદની ધરપકડ હાથવેંતમાં હોવાનાં બણગાં ફૂંકતા રહ્યા છે. ભાજપ સરકાર તો મોઘમમાં ઓસામા બિન લાદેનને અમેરિકન કમાન્ડોએ એના સુરક્ષિત નિવાસ સ્થાનેથી ઉઠાવી ખતમ કરી નાખ્યો હતો તે જ સ્ટાઈલમાં દાઉદ ઈબ્રાહિમને ભારતીય હવાઈદળ ઝબ્બે કરશે એવી હૈયાધારણ આપતી રહી છે. સંરક્ષણમંત્રી મનોહર પારિકર પાસે એવી અપેક્ષા રાખી શકાય એમ પણ હતી, પરંતુ નીવડ્યે વખાણ. અત્યાર સુધી તેઓ ખાસ પરિણામ લક્ષી કામગીરી કરી શક્યા હોય એમ લાગતું નથી. હાફિઝ સઈદથી લઈ નવાઝ શરીફ સુધીના નેતાઓ બુરહાન વાણીની કહેવાતી શહાદતથી દુઃખી છે. કાશ્મીરમાં વણસેલી પરિસ્થિતિનો મુકાબલો કરવા અને પરિસ્થિતિની સમીક્ષા કરવા વિદેશયાત્રાથી પાછા ફરેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ બેઠક બોલાવી છે. તજજ્ઞો અને લશ્કરી અધિકારીઓ કાશ્મીર મુદ્દે પ્રો-એક્ટિવ બનવાનો સમય પાકી ગયો હોવાની રજૂઆત કરે છે પણ ભારત સરકાર મગનું નામ મરી પાડવા તૈયાર નથી. દેશમાં જેહાદી તત્ત્વોને કોણ પ્રોત્સાહન આપી રહ્યું છે તે કોઈથી છાનું નથી. મુંબઈના ડોંગરી વિસ્તારમાં ડૉ. ઝાકિર હુસેન નાઈક રીતસરની આતંકવાદી પાઠશાળા ચલાવે છે. તે માને છે અને એની કહેવાતી 'પીસ ચેનલ' દ્વારા પ્રચાર કરતો ફરે છે કે આખી દુનિયાને ઈસ્લામ અપનાવી લેવો જોઈએ. ઈસ્લામ ખાતર એ ત્રાસવાદી હિંસાને પણ જાયઝ ઠેરવતો રહ્યો છે. બાંગ્લાદેશના રેસ્ટોરંટમાં થયેલ નરસંહાર માટે ઝાકિર નાઈક આડકતરી રીતે જવાબદાર છે. એનાં પ્રવચનોમાંથી પ્રેરણા લઈને સુખી ઘરના મુસ્લિમ યુવાનો હિંસાના માર્ગે વળ્યા હોવાનું અધિકૃત રીતે બહાર આવ્યું છે. નવ પૈકી ઓછામાં ઓછા બે આતંકવાદીઓએ ઝાકિર નાઈકની વીડિયો કેસેટ કે સીડીમાંથી પ્રેરણા મળી હોવાનું સ્વીકર્યું હતું. જીવીત પકડાયેલ આતંકવાદીની કબૂલાતમાં બહાર આવેલી આ હકીકત પછી ભારત સરકાર અને મહારાષ્ટ્ર રાજય સરકાર સફાળી જાગી છે. ધરપકડની બીકથી ઝાકીર સાઉદી અરબથી ભારત પાછો આવવાને બદલે બારોબાર આફ્રિકા ઊપડી ગયો છે પરંતુ એની 'પીસ' ચેનલને કેનેડા, અમેરિકા અને મલેશિયામાં પ્રસારણની છૂટ નથી જયારે ભારતમાં એ ચેનલ કેબલ ઓપરેટરો છૂટથી બતાવતા રહ્યા છે. આપણું તંત્ર કેટલું રેઢિયાળ છે તેનો આ પુરાવો છે. દેશમાં ચાલી રહેલી દેશવિરોધી પ્રવૃત્તિ કરનારાઓને છાવરનારા રીઢા રાજકારણીઓને પણ પકડી પકડીને જેલ ભેગા કરવાની જરુર છે. જો વેળાસર પગલાં નહીં ભરાય તો દેશ આખો ઈસ્લામિક ત્રાસવાદના સકંજામાં આવી જશે એમાં શંકોન સ્થાન નથી.

સમાજસેવાનો બ્રાન્ડ એમ્બેસેડર...!! અરે બેન, એના તો કંઈ પૈસા લેવાતા હશે?!

મુંબઈના વિખ્યાત ઓર્થોપેડિક ડોક્ટરે જે કહ્યું તે સાંભળીને અમદાવાદનાં અંકિતાબહેન ડઘાઈ ગયાં. એમનાં હાથમાં એમનો લાડકવાયો દીકરો હતો જે પોતાની મમ્મીની માનસિક હાલતથી બેખબર હતો.

ડૉક્ટરે શબ્દોની ધણધણાટી બોલાવી દીધી હતી, 'તમારા દીકરાને સેરેબ્રલ પાલ્સી નામનો રોગ છે એ તમે જાણો છો. એની સારવાર તો મેં આપી દીધી. પણ હવે એના બેય પગની અક્કડતા સુધારવા માટે તમારે ખાસ પ્રકારના શૂઝ બનાવડાવવા પડશે.

ના, અમદાવાદમાં નહીં, અહીં મુંબઈમાં જ બનાવડાવવા પડશે. મને બીજા કોઈની ઉપર વિશ્વાસ નથી. છ મહિના પછી પાછા. દીકરાની કસરત ચાલુ રાખજો. 'ચેક અપ' માટે આવી જજો. તમે હવે જઈ શકો છો. પૈસા બહાર કાઉન્ટર ઉપર ચૂકવી શકો છો. બાય! નેકસ્ટ પેશન્ટ!'

ગુજરાતના કોઈ પણ દર્દીને લઈને ક્યારેય મુંબઈ ગયા છો તમે? જો ગયા હશો તો અવશ્ય ડઘાઈ ગયા હશો. ત્યાંના ડોક્ટરોની તોતિંગ ફી અને નખશિખ પ્રોફેશનાલિઝમ જોઈને તમને અચૂક લાગશે કે આપણા ડૉક્ટરો તો સાવ મફતમાં સારવાર આપે છે.

દોષ ત્યાંના ડૉક્ટરોનો નથી, પણ મુંબઈના જીવનધોરણનો છે. મોંઘવારી, ક્લિનિકની જગ્યાના આસમાનને સ્પર્શતા ઊંચા ભાવ, દેશભરમાંથી આવતા દર્દીઓનો ધસારો, આમાં ડૉક્ટરો ધંધાદારી ન બને તો શું કરે?

આ ડૉક્ટર પણ એવા જ મજબૂર મહાત્મા હતા. પૂરા દેશમાં અમનું નામ છે. પ્રથમવારની કન્સલ્ટિંગ ફી ત્રણ હજાર રૂપિયા. દર્દી માટે ફાળવી શકાતો સમય પાંચેક મિનિટ કરતાં વધારે નહીં. અંકિતા બહેન દીકરાના શૂઝ બનાવનારની ઓફિસે જઈ પહોંચ્યાં. દીકરાના પગનું માપ આપ્યું.

શૂ-મેકરે કીધું 'બે દિવસ પછી આવજો. બૂટ તૈયાર હશે.' 'ભલે અંકિતા બહેન ઊભાં થયાં, અત્યારે કંઈ આપવાનું છે? એમનાં મનમાં એમ કે સો-દોઢસો રૂપિયા એડવાન્સ પેટે કદાચ આપવાના થશે. 'પાંચ હજાર રૂપિયા.' માણસે સપાટ ચહેરે કહી દીધું 'પૂરું પેમેન્ટ આજે જ આપવું પડશે. પછી જ અમે કામ શરૂ કરીશું.'

અંકિતાબહેન પાસે એ.ટી.એમ કાર્ડ હતું એ અત્યારે મદદે આવ્યું. રકમ ચૂકવીને ફરી પાછાં રસ્તા ઉપર. ફર પાછી ટેક્સી. ફરી પાછું યજમાનનું ઘર એટલું વળી સારું હતું કે શાળાના વખતની જૂની બહેનપણી મુંબઈમાં પરણીને સેટલ થયેલી હતી, નહીંતર હોટેલમાં રહેવાનો ખર્ચ ઊંટની પીઠ પરના છેલ્લા તણખલા જેવો સાબિત થયો હોત.

પણ આ બધું કરવું જ પડે તેમ હતું, ત્રણ વર્ષના વ્હાલા દીકરા રમ્ય માટે આ દોડધામ. આ હાડમારી, આ ખર્ચાઓ, માનસિક-આર્થિક-શારીરિક એમ ત્રિવિધ પ્રકારની હાલાકીઓ ઊઠાવવી જ પડે તેમ હતી. રમ્ય સાચ્ચે જ રમ્ય હતો. પરાણે વહાલો લાગે તેવો. ટ્રેનમાં બેઠેલા અજાણ્યા પ્રવાસીઓ પણ એને રમાડવા માટે 'બેન આના પગમાં કંઈક ખોડ છે?'

સાંભળીને અંકિતાની છાતી ચીરાઈ જતી. એ બંને એટલા ઓછા વાક્યોમાં માહિતી સમાવી દેતી — 'હા, એને જન્મથી જ સેરેબ્રલ પાલ્સીની બીમારી છે. મગજમાં કે એની વિચારશક્તિમાં કશું નુકસાન નથ પણ પગના સ્નાયુઓમાં અક્કડતા આવી જાય છે. સારવાર ચાલુ છે. ડોક્ટરો કહે છે કે આગળ જતાં બહુ વાંધો નહીં આવે.'

જગતના શ્રેષ્ઠ ઓર્થોપેડિક ડૉક્ટરોમાંના એક ડૉક્ટર મુંબઈમાં હતા. એનું નામ સાંભળીને અંકિતા એમની પાસે દોડી ગઈ હતી. ડૉક્ટરે ત્રણ વર્ષના રમ્યને બેહોશીનું ઈન્જેક્શન આપીને એના બંને પગના સાંધાઓમાં એક ખાસ પ્રકારનું ઈન્જેકશન આપ્યું હતું. બાકીનું કામ ફિઝિયોથેરાપી અને ખાસ બનાવટના બૂટ દ્વારા પૂરું કરવાનું હતું.

શ્રેષ્ઠ સારવાર માટે મહત્તમ ધન ખર્ચીને અંકિતા પાછી અમદાવાદ આવી ગઈ. ફિઝિયોથેરાપી માટે રોજ દોઢથી બે કલાકનો ભોગ આપવો સારવાર માટેની જાવક અમર્યાદિત હતી. અમદાવાદ આવ્યાને માંડ એકાદ મહિનો થયો હશે, ત્યાં બીજી મુશ્કેલી ઉત્પન્ન થઈ.

રમ્ય આખો દિવસ બૂટ પહેરી રાખતો હતો, એના લીધે બૂટના તળિયા ઘસાઈ ગયા. હવે શું કરવું રમ્યના પપ્પાએ મુંબઈમાં ફોન લગાડ્યો. બૂટ બનાવનારે કહી દીધું 'નવા સોલ નખાવવા પડશે, નહીંતર બૂટને નુકસાન થશે તો નવેસરથી પાંચ હજારનો ખર્ચ...'

'ના ભ'ઈસા'બ અમે નવા તળિયાં નખાવડાવી લઈશું.' 'જુઓ, ત્યાં અમદાવાદમાં કોઈ કરી આપે એવું છે કે કેમ? નહીંતર કુરિયર દ્વારા અમારી પાસે મોકલી આપજો. અઠવાડિયામાં તમને બૂટ પાછા મળી જશે. મુંબઈગરાની વાત સાંભળીને અમદાવાદના મધ્યમવર્ગીય પતિ-પત્ની ગભરાઈ ઊઠ્યા. પૈસા! પૈસા! પૈસા! ન ધારી હોય એવી દિશાએથી નવા-નવા ખર્ચાઓ ઊભા થઈ રહ્યા હતા. માનવતા નામનો શબ્દ જાણે જગતમાંથી નષ્ટ થઈ ચૂક્યો હતો! કોઈની લાચારીમાંથી લોકોને રૂપિયાની ફસલ લણી લેવી હતી. શું કરવું? ક્યાં જવું? કોઈએ માહિતી આપી, 'અમદાવાદમાં એક મોચી છે. બહુ નાનો માણસ છે પણ કારીગર તરીકે મોટો છે. જાહેર રસ્તાની ફૂટપાથ ઉપર બેસીને જૂતાં સાંધવાનું અને પોલિશ કરી આપવાનું કામ કરે છે. કોઈ એક્સપર્ટની દુકાને જવાને બદલે આ અંકિતાના દિમાગમાં વાત જચી ગઈ. બૂટ લઈને એ પહોંચી ગઈ. પાંત્રીસેક વર્ષનો એક લઘરવઘર આદમી ફૂટપાથ ઉપર પાંચ-સાત ડબ્બીઓ, બે-ચાર બ્રશ અને જૂતાં રિપેર કરવાનો સરંજામ લઈને બેઠો હતો. કારીગર હોશિયાર હોવો જોઈએ, કારણ કે એની આગળ ઘરાકોની લાઈન લાગી હતી.

કોઈ શો-રૂમમાં જેટલા નવા જૂતાં ન હોય, એટલી સંખ્યામાં જૂના બૂટ-ચંપલો આ ફૂટપાથિયાના દરબારમાં જોઈ શકાતા હતા.

સ્ત્રીને આવેલી જોઈને મોચીએ પૂછ્યું, 'આવો, બહેન, આ તરફ આવી જાવ! તમારે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નથી. બોલો, શું લઈને આવ્યાં છો?' બોલતી વખતે પણ એના હાથ તો ચાલુ જ હતા. અંકિતાએ થેલીમાંથી બૂઢ કાઢ્યા. તરત જ મોચી થંભી ગયો, 'દીકરો કે દીકરી?'

'દીકરો છે?' 'તળિયાં ઘસાઈ ગયા છે ને? અરેરે! આ બીમારી જ એવી છે, પણ તમે ચિંતા ન કરશો, બે'ન. બૂટ મૂકતાં જાવ. આવતી કાલે લઈ જજો.' 'પણ જોજો હં, કામ બગડે નહીં...'

મોચી હસ્યો, 'બે'ન, મારું નામ દિનેશ છે અને આખું અમદાવાદ જાણે છે કે દિનેશ આવા કામમાં મુંબઈના કારીગર કરતાંયે વધુ હોંશિયાર છે. આ ઘસાઈ ગયેલા તળિયાં કાઢીને ચામડાના નવા સોલ લગાડવાનું કામ બહુ મહેનત માગી લે તે એટલા માટે તો મેં એક દિવસનો સમય માગ્યો છે અને બીજી એક વાત તમે જાણી લો, તમારા દીકરા જેવી બીમારીવાળા તમામ બચ્ચાંઓના બૂટ આ દિનેશ જ સમારી આપે છે તમે ફિકર ન કરશો!'

ધમધમતો ધંધો, માથે પડતી ઘરાકી, ચાર-પાંચ સહાયકો અને સમયની ખેંચ હોવા છતાં મોચીએ શક્ય એટલી ઝડપથી રમ્યના બૂટ નવા જેવા કરી આપ્યા. બીજા દિવસે જ્યારે અંકિતા વાયદા પ્રમાણેના સમયે જઈ પહોંચી, ત્યારે એનાં મનમાં આવી ગણતરી ચાલી રહી હતી, 'આ કામ માટે મોચી સોથી દોઢસો રૂપિયા તો જરૂર લેશે જ.'

પણ એને આંચકો ત્યારે લાગ્યો જ્યારે દિનેશે જીર્ણોદ્ધાર પામેલા બૂટ એનાં હાથમાં મૂકીને કહ્યું 'ના, બે'ન! આ કામનો હું એક પણ પૈસો નથી લેતો. આખા અમદાવાદમાં મારી મોનોપોલી છે એ હું જાણું છું, પણ... ના... ભગવાને મને પૂરતી કમાણી આપેલી છે. તમારો જો ખૂબ જ આગ્રહ હોય તો ફી પેટે એક માગણી મૂકું છું — આવતા મહિને ફરી પાછા આવો ત્યારે તમારા મુન્નાને પણ લેતાં આવજો.'

'કેમ?' 'બીજું કંઈ કામ નથી, બે'ન! પણ મને ખબર તો પડે કે હું કયા ભગવાન માટે આ ભક્તિ કરી રહ્યો છું!' બોલતાં બોલતાં દિનેશનું ગળું ભીનું થઈ ગયું અને સાંભળીને અંકિતાની આંખો!

મોચીની ભક્તિ મહિના-દર-મહિના ચાલતી રહી. પણ એક દિવસ અંકિતા માટે વીજળી બનીને ત્રાટક્યો. એક વીસેક વર્ષનો યુવાન બેઠો હતો.

અંકિતાના ચહેરા પર ફૂટેલો સવાલ વાંચીને યુવાને બાજુના ઝાડ તરફ આંગળી ચીંધી. વૃક્ષના થડ ઉપર સ્વ. દિનેશની ફ્રેમમાં મઢેલી છબિ લટકતી હતી. એની ઉપર તાજા ફૂલોની માળા ચડાવેલી હતી યુવાને માહિતી આપી, 'એ મારા કાકા હતા. વીસ દિવસ પહેલાં એક અકસ્માતમાં ગુજરી ગયા. સાઈકલ પર જતા હતા, પાછળથી બસ ધસી આવી, કાકા ચગદાઈ ગયા... પણ તમે નિરાશ ન થશો, બે'ન! લાવો, તમારાં દીકરાના બૂટ! હું રિપેર કરી આપુ અંકિતા કશું બોલી ન શકી, થેલીમાંથી બૂટ કાઢીને એણે યુવાનના હાથમાં મૂકી દીધાં. બીજા દિવસે જ્યારે એ પાછી આવી ત્યારે બૂટ 'નવાં' બની ગયા હતા.

અંકિતાએ પર્સ ખોલ્યું, 'કેટલા રૂપિયા આપું?'

'એક પણ નહીં.' યુવાને જવાબ આપ્યો, પછી ઉમેર્યું 'દિનેશકાકા આ વાત પણ મને વારસામાં શીખવતા ગયા છે. બહેન, જીવનભર આ ચામડાં ચૂંથતા રહીએ છીએ. ક્યારેક તો આવા ભજન-કીર્તન કરવા દો!

> **હવે એ ફક્ત વારતામાં જીવે છે,**
> **છતાં લાગતું આટલામાં જીવે છે.**
> **બળાપા શું કાઢે છે ચપટીક દુઃખમાં,**
> **અહી કોણ કાયમ મજામાં જીવે છે?**
> **-રાકેશ હાંસલિયા (રાજકોટ)**

ફરી એકવાર બોલનારનું ગળું અને સાંભળનારની આંખો ભીની બની ગઈ. અંકિતાને આજે પહેલી વાર સમજાયું કે જગતમાં બધે ઠેકાણે પૈસાનું ચલણ નથી હોતું. ફૂટપાથ પર બેઠલો મોચી મેટ્રોસિટીના ડૉક્ટર કરતાં પણ વધુ મોટો હોઈ શકે છે. ફૂટપાથ પરની આ ફાઈવ-સ્ટાર હસ્તીને સલામ...

આંસુ છલકાવતી આ સત્ય ઘટના વાયા અમેરિકા વાયા આ કોલમના નિયમિત વાચક અશોક ત્રિવેદી દ્વારા આપ સુધી પહોંચી છે. આ વિશ્વ અને સમાજ આવા દિલદાર લોકોને લીધે જ તો ટક્યો છે!

ચૂંટલો : આ મોચી જેવી મોનોપોલી આપણા પૈકી કોઈ ધરાવતું હોય તો એને કેશ કરવાની જગ્યાએ જરૂરિયાત મંદની સેવામાં લઈએ તો? પૈસા કમાવવાનું કામ તો બધા જ કરે છે, કોઈને મદદરૂપ થવા મન મોટું રાખી જાત ઘસવી પડે છે.

પ્રેમમાં માન-અહમ્ હોય? રૂસણાં રાધાજીનાં શોભે, કૈકૈયી-મંથરાનાં નહીં

હોલિવૂડની જાણીતી એક્ટ્રેસ, ડાન્સર, સિંગર, ફેશન ડિઝાઈનર, પ્રોડ્યુસર, સોંગ રાઈટર અને ટી.વી. સ્ટાર જેનિફર લોપેઝ (જ.તા. ૨૪ જુલાઈ, ૧૯૬૯)એ એક વાર કહેલું કે "પ્રેમમાં વફાદારી અને વિશ્વાસ એ ખુબ જ કિંમતી વસ્તુ છે. સસ્તાં, ગરીબ અને છેતરામણાં લોકો પાસે તમે એની અપેક્ષા રાખી શકો નહીં."

પ્રેમ નામના સંબંધમાં માત્ર વિશ્વાસ અને ફક્ત વફાદારી જ અગત્યની હોય છે અને આ બે વસ્તુ કોમોડિટી બજારમાં વેચાતી મળતી નથી કે તેને રૂપિયા-પૈસા આપીને ખરીદી શકાતી નથી. પ્રેમમાં વારંવાર પછડાટ ખાધેલી અને વારંવાર ભાંગી પડેલી જેનિફર લોપેઝ જ્યારે આ વાત કરતી હોય ત્યારે સમજવું પડે કે બાત મેં દમ હૈ.

દુનિયાભરમાં જેનિફર લોપેઝના લાખો-કરોડો ચાહકો છે. તેનું હુલામણું નામ "જે.લો."છે. લોકો તેને "જે.લો."ના હુલામણા નામે ઓળખે છે. જે.લો. જ્યારે પંદર વર્ષથી થઈ ત્યારથી ડેટિંગ કરતી હતી. પંદર વર્ષની ટીન-એજમાં જે.લો.નો પહેલો બોયફ્રેન્ડ ડેવિડ ફુઝ હતો. જેની સાથે તે પહેલી વાર ડેટ ઉપર ગઈ હતી. એ પછી તો તેના જીવનમાં ઘણા બધા પુરુષ આવ્યા. તેણે ત્રણ વાર લવ-મેરેજ કર્યા અને ત્રણ લગ્ન તૂટી ગયાં.

જેનિફર લોપેઝે સને ૧૯૯૭માં પહેલી વાર ઓજની નોઆ સાથે લવ-મેરેજ કર્યા. જે સને ૧૯૯૮માં એક જ વર્ષમાં તૂટી ગયાં. જે.લો.એ ક્રિસ જૂડ સાથે બીજાં મેરેજ સને ૨૦૦૧માં કર્યાં.આ લગ્ન પણ બે જ વર્ષમાં સને ૨૦૦૩માં ભાંગી પડ્યાં. આ પછી માર્ક એન્થની સાથે સને ૨૦૦૪માં જે.લો.એ ત્રીજી વાર લવ-મેરેજ કર્યાં. આ લગ્ન સૌથી લાંબો સમય એટલે કે ૧૦ વર્ષ ટક્યાં અને ફરી સને ૨૦૧૪માં તેમનાં ડિવોર્સ થઈ ગયાં.

પ્રેમ હોય એટલે એમાં રૂસણાં-મનામણાં ન હોય તો જ નવાઈ. પ્રેમમાં માન-અહમ્ હોય? રૂસણાં રાધાજીનાં શોભે, કૈકૈયી-મંથરાનાં નહીં. રિસાવાનું ઘડીભરનું હોય તો શોભે. ઘડીભરનું અથવા વધુમાં વધુ ચોવીસ કલાક સુધીનું, એકાદ દિવસનું રિસામણું યોગ્ય છે. ખરેખર તો રિસાઈ જનાર વ્યક્તિમાં પણ એવી પાત્રતા હોવી ઘટે અને સામે મનાવનાર વ્યક્તિમાં પણ એવો જ છલોછલ પ્રેમ હોવો જોઈએ.

પ્રેમમાં માન-અપમાન હોય? રિસાઈ જનારને ખબર હોય કે એને ચાહનાર એને મનાવી લેશે. પ્રેમ કરનાર બેઉ વ્યક્તિની આ છે, પરસ્પરની પવિત્રતા. એટલે જ તો કહેવાયું છે કે રિસામણું રાધાજીનું હોય તો શોભે, પરંતુ રામ-વનવાસ માટે નિમિત્ત બનનાર રાણી કૈકેયી કે દાસી મંથરા જેવા વ્યક્તિત્વનું રિસામણું ન શોભે. રિસાવાની બાબતમાં પ્રેમ હોય અને એ પ્રેમમાં વિશ્વાસ અને વફાદારી પણ હોય, તો જ આ બધું શક્ય બને.

> **રિસાવાનું ઘડીભરનું હોય તો શોભે, ઘડીભરનું અથવા વધુમાં વધુ ચોવીસ કલાક સુધીનું, એકાદ દિવસનું રિસામણું યોગ્ય છે, ખરેખર તો રિસાઈ જનાર વ્યક્તિમાં પણ એવી પાત્રતા હોવી ઘટે અને સામે મનાવનાર વ્યક્તિમાં પણ એવો જ છલોછલ પ્રેમ હોવો જોઈએ**

આજે આપણે રાધાજીનાં રૂસણાંની વાત કરીએ. ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાઓ પૈકી એક પ્રસંગ છે. રાધિકાજીએ એક વાર બાલકૃષ્ણ સાથે રુસણું લીધું. મળવાનું પણ નહીં અને બોલવાનું પણ નહીં. રાધાજીના રિસામણાને કારણે લાલજી તો વ્યાકુળ અને બેચેન થઈ ગયા. મળ્યા કે બોલ્યા વિના આમ તો ક્યાં સુધી ચાલે? અહીં રાધા-પ્રિયાના પક્ષે સવાલ માન પામવાનો રહ્યો. પ્રિયાજીને લાલજી તરફથી કોઈક વાતે ઉચિત માન ન મળ્યું એ વાતે ખોટું લાગ્યું, ઓછું આવ્યું. હવે સવાલ માન-અહમ્ (ઈગો)ના ટકરાવનો આવ્યો.

બાલકૃષ્ણ તો બધું જ સમજે. તેઓએ રાધાજીનાં સખીવૃંદ લલિતા, વિશાખા ઈત્યાદી પૈકી વિશાખાને મળીને પોતે સંસ્કૃતનો અભ્યાસ કરનાર બટુક (વિદ્યાર્થી) બાલબ્રહ્મચારીનો વેશ લઈને ભિક્ષા માગવાના નિમિત્તે રાધાજી સમક્ષ ઉપસ્થિત થવા માગે છે, એવી વાત કહી. સઘળું આયોજન ગોપિત રાખવા પણ કહ્યું. બીજા દિવસના પ્રાતઃકાળનો સમય લાલજીએ પસંદ કર્યો. તેઓએ બટુકનો વેશ લીધો. માથે શિખા, એક હાથમાં દંડ અને બીજા હાથમાં ભિક્ષાપાત્ર, ખભે યજ્ઞોપવિત, બગલમાં પોથી, શ્વેત પછેડી અને કમરથી ઉપર ડીલનો ભાગ ખુલ્લો, પગમાં લાકડાની ચાખડી.

બટુકવેશે લાલજી તો જટિલાના નિવાસસ્થાને પહોંચ્યા. વહેલી સવારનો સમય. રાધાજીનાં સાસુ જટિલા તેમનાં દેરાણી કુટિલા સાથે ઘરની આગળ જ જ્યાં ગાયોને બાંધવામાં આવી હતી, ત્યાં ગાયનું છાણ એકત્ર કરીને છાણાં ટીપી રહ્યાં હતાં. લાલજીએ તો "ભિક્ષા દે દે રે મૈયા..." એમ કહીને પોકાર પાડ્યો અને ભિક્ષાની માગણી કરી.

બેઉ જેઠાણી-દેરાણી સ્નાનક્રિયા કર્યા વિના જ છાણા બનાવવાના કામમાં રોકાયેલી હોઈને સ્નાનાદિથી પવિત્ર થયા વિના ભિક્ષ આપી શકે નહીં. આથી જટિલાએ રાધાજીને ભિક્ષા આપવા ઘરની બહાર આવવા કહ્યું. આ તરફ રાધાજીએ ઘરની ભીતરથી જ એવો જવાબ આપ્યો કે પોતે કોઈ પરપુરુષ સમક્ષ ઉપસ્થિત થઈ શકે નહીં. જટિલા માટે તો ધર્મસંકટ આવ્યું.

લાલજીએ તો જટિલાને સુણાવી દીધું કે "મૈયા, મેં અધિક સમય તક નહીં રુક શકતા. કેવલ એક ગોદોહનકાલ (એક ગાયને દોહવાનો જે સમય લાગે ત્યાં સુધી) તક હી પ્રતીક્ષા કર શકતા હું, ઔર વો સમય ભી નિકલ ચુકા. અબ મેં ચલ રહા હું.'

આ સાંભળીને જટિલા ચિંતામાં પડી ગયા. તેમને ભય સતાવવા લાગ્યો કે જો આ બાળભિશુ ભિક્ષા લીધા વિના ખાલી હાથે અમારા આંગણેથી પાછો ફરશે તો અમારા સમગ્ર કુળ-પરિવાર માટે અશુભ સંકેત મનાશે. ગાયો મરી જાય અથવા કોઈના મૃત્યુ થાય એવો અશુભ સંકેત મનાશે. આમ વિચારીન જટિલા ગોબરવાળા હાથ ધોઈને ઘરમાં ગયા અને ખુબ પ્રેમથી રાધાજીને સમજાવ્યાં કે આંગણે આવેલ ભિક્ષુ તો બાલબ્રહ્મચારી - બટુક છે, તેમાં પરપુરુષ જેવો કોઈ બાધ નડશે નહીં અને ઘુંઘટ રાખીને ભિક્ષા આપી શકાશે. વહુને સમજાવીને સાસુજી તો ફરી પાછા છાણા થાપવાના પોતાના કામમાં લાગી ગયા.

રાધાજીએ એક વાસણમાં લોટ, દાળ, શાકભાજી વગેરે મૂક્યાં અને પોતાનાં સખીવૃંદ લલિતા, વિશાખા અને અન્ય બાળભિક્ષુને ભિક્ષા આપવા પોતાના હાથમાંનું વાસણ લંબાવ્યું. એટલામાં તો બટુકવેશે લાલજી આવ્યા કે 'મારે તમારી આ ભિક્ષા નથી જોઈતી. મને તમારી પાસે રહેલું તમારું દુર્લભ, અપ્રાપ્ય એવું માન દાનમાં પ્રદાન કરો.'

આટલું સાંભળી તો પ્રિયાજીને અવાજ ઉપરથી પણ ખબર પડી ગઈ કે આંગણે આવેલ બટુક કોઈ બાલબ્રહ્મચારી નથી પરંતુ સ્વયં બાલકૃષ્ણ છે. રાધાજીએ તરત જ પોતાના માથ અને ચહેરાને ઢાંકતો ઘૂંઘટ દૂર કર્યો અને નતમસ્તક હાથ જોડીને નમસ્કાર મુદ્રા સાથે માનનું દાન કર્યું. સાથે સાથે પોતાની પાસે લાવેલ વાસણમાં રહેલા લોટ, દાળ અને શાકભાજી પણ રાધાજીએ બાલકૃષ્ણના મસ્તક ઉપર ચઢાવી દીધાં. આ સાથે જ લાલજી રાધાજી પાસેથી માનનું દાન સ્વીકારીને એટલે કે રાધાજીના મનમાં રહેલા માનને કઢાવીને, નિર્મૂળ કરાવીને પ્રસ્થાન કરી ગયા.

સ્ટોપર :

'ગરમ કરેલી ચા અને સમાધાન કરેલા સંબંધમાં ક્યારેય પહેલા જેવી મીઠાશ આવતી નથી.'

-અજ્ઞાત

આજનો સમય તો બસ દેખાડાનો છે અને પૈસાનો છે, દાદુ પ્રેમથી કંઈ પેટ ભરાય ખરું?'

કેટલાક દિવસથી કુમુદચંદ્રને એમ લાગતું હતું કે પૌત્રને તેની દાદી સાથેનો મારો ફોટો ગમતો નથી. તે બાબતે તેણે હસતાં હસતાં ગંભીરતાથી કહેલું પણ ખરું કે દાદુ દિવાલ પરથી આ ફોટો હટાવી દો નહીંતર તમે પોતે પણ હટી જાવ. જુના વપરાઈ ગયેલા સામાનની અહીં હવે કોઈ કિંમત નથી. હવે જુની ચીજો સાચવી રાખવીનો રિવાજ રહ્યો નથી. જો આંખે ઝરા સમળું દેખાતું હોય તો જુઓ લોકો કઈ રીતે ઘરનો નક્કામો સામાન કાઢી કાઢીને નોટોથી ખિસ્સા ભરે છે. અને તમે એક એવા છો કે બાબા આદમના જમાનામાં જીવો છો. જો તમને તમારા પર દયા ન આવતી હોય તો જરા અમારા પર તો દયા ખાવ.

દાદુ, જરા સાંભળો પહેલાં આખી પોળમાં લોકો કોઈને કોઈ બહાને એકબીજા સાથે લડતા ઝઘડતા કે બૂમાબૂમ કરતા ત્યારે તેમને ખાવાનું પચતું. આજે એ જ પોળમાં બસ એક જ અવાજ સંભળાય છે. બેચ દે... બેચ દે... અને એક તમે છો કે કાનમાં પૂંમડાં ભરાવી રાખ્યા છે. માય ડિયર દાદુ આજકાલ લોકો ખરીદવા કરતાં વેચવામાં વધુ રસ લેવા લાગ્યા છે. સૌને પોતાનું જે કંઈ છે તે વેચી નાંખવું છે. તેમને તેમનું જીવન પણ જો કોઈ ખરીદનાર મળી જાય તો... નક્કામી વસ્તુનું હવે શું કામ? તેથી તો જેના મનમાં જે આવે તે વેચી રહ્યા છે. બસ રૂપિયા રૂપિયાને રૂપિયાની જ બોલબાલા છે. બધાના હોઠે બસ એક જ વાત છે. પોતાના ઘરનો તો ઠીક પણ બીજાના ઘરનો સામાન હાથ આવે તો પણ વેચતાં વિચાર કરે તેમ નથી. બધા ક્વીકર અને ઓ.એસ.એક્સ પર ચીજવસ્તુઓનો ફોટો અપલોડ કરી વેચવા મંડ્યા છે. ત્યારે તમે એક છો કે જુની ચીજોને છાતીએ વળગાડી બેઠાં છો...

તો તમે જ કહો હવે આનું શું કરું? આ જૂની ચીજો મુઈ છોડવા માંગીએ તોય છૂટતી નથી. કુમુદચંદ્રએ પોતાને હાંસિયામાં લાવી પૌત્રને પુછ્યું. તો તેણે કહ્યું 'દાદુ ખોટું ન લગાડતા, આ તમારા સમયમાં વપરાયેલી ધૂળ ખાતી પડેલી ઈમાનદારી શું કામની છે? આ તમારા સમયનાં મૂલ્યો નક્કામા થઈ ગયા, આ સંબંધોને લાગણીઓ ધરાવતું વ્હાલ શું કામનું?'

તમારા જમાનાની હમદર્દીની તરફ હવે કોઈ જોતું પણ નથી. આજના મોર્ડન કલ્ચરમાં દાદુ મને માફ કરજો પણ કોઈ પુછે છે ખરું? અનેએક તમે છો કે જૂઓ ઘરના ખૂણામાં પડ્યું પડ્યું આ બધું સડે છે. ઘરમાં વાસ મારે છે. તેને જો બહાર કાઢીશું નહીં તો જોજો એક દિવસ પ્લેગ ફેલાઈ જશે. અડવાથી અધિક ઘર તો તમારા જમાનાની આવી નક્કામી ચીજોથી ભર્યું પડ્યું છે.

'